MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 05, June 2025

# સ્થળાંતરિત આદિવાસી મજુરો અને સમસ્યાઓ

**Barot Amisha Sanjaybhai,**
(PhD Scholar),
Department of Sociology,
Sardar Patel University,
Vallabh Vidyanagar

**સારાંશ:**

સ્થળાંતરિત આદિવાસી મજુરોની સમસ્યાઓ બહુ-આયામી છે. અને તેને ઉકેલવા માટે વ્યાપક અભિગમની જરૂર છે. આદિવાસી વિસ્તારોમાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવું, જમીન અધિકારોનું રક્ષણ કરવું, યોગ્ય શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવી, કામકાજની સ્થિતિમાં સુધારો કરવો, શોષણ અટકાવવા માટે કડક કાયદાઓનો અમલ કરવો અને સામાજિક સમાવેશને પ્રોત્સાહન આપવો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.આદિવાસી મજુરોના અધિકારોનું રક્ષણ કરવું અને તેમને ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે સક્ષમ બનાવવું એ એક ન્યાયી સમાજ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

**ચાવીરૂપ શબ્દો:** *સ્થળાંતર, આદિવાસી મજુરો, સમસ્યા*

## પ્રસ્તાવના

"આદિવાસી એટલે ભારતની આત્મા અને સંસ્કૃતિના રક્ષક."

ભારત એક અનેક વિવિધતા માંથી બનેલો એક દેશ છે. ભારતની ભૂમિ પર અનેક સમુદાયો તેમજ તેમની અનોખી સંસ્કૃતિઓ થકી આજે વિશ્વ વિખ્યાત છે. આ સમુદાયોમાં આદિવાસીઓ અથવા જનજાતિઓ ભારતના સૌથી પ્રાચીન અને મૂળ નિવાસીઓ તરીકે જાણીતી છે. "આદિવાસી શબ્દનો શાબ્દિક અર્થ આદિ એટલે પ્રાચીન અને વાસી એટલે કે નિવાસી થાય છે."  જે તેમની હજારો વર્ષો જૂની ઐતિહાસિક ઓળખ અને ભારતીય ઉપખંડમાં તેમની પૂર્વજોની હાજરી દર્શાવે છે. પરંતુ આજના આધુનિક યુગના કારણે આદિવાસી સમાજમાં ઘણું પરિવર્તન આવેલું જોવા મળે છે. આજના સમયમાં વૈશ્વિકરણ અને આધુનિકીકરણના યુગમાં ભારતના આદિવાસી સમુદાયો

એક અદૃશ્ય સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યા છે. આજના સમયમાં આદિવાસી સમુદાયમાં સ્થળાંતરનું પ્રમાણ ખુબ જ વધારે જોવા મળે છે. સ્થાળાંતર કરવા પાછળના અનેક કારણો રહેલા છે. જેમાં આર્થિક, સામાજિક, રાજકીય, સ્થાનિક રોજગારની તકોનો અભાવ અને પર્યાવરણીય દબાણોને કારણે પણ તેમને પોતાના મૂળ વસવાટ છોડીને શહેરી કે ઔદ્યોગિક વિસ્તારોમાં જવાની ફરજ પડી રહી છે. બીજી તરફ શહેરોમાં સારા કામ અને વધુ વેતનની આશા તેમને આકર્ષે છે. સ્થળાંતર માત્ર ભૌગોલિક પરિવર્તન નથી. પરંતુ તે આદિવાસી સમુદાયોના સામાજિક, આર્થિક, અને સાંસ્કૃતિક જીવન પર ઊંડી અસર કરે છે. નવા વાતાવરણમાં અનુકુળ થવું, કેટલીવાર મજૂરોને શોષણનો ભોગ બનવું પડે, ઓછા વેતનમાં વધુ કામ, અસુરક્ષિત અનુભવવું, ખરાબ રહેઠાણ, અને સામાજિક ભેદભાવ, તેમને મૂળભૂત અધિકારોથી પણ વંચિત રાખવામાં, આ ઉપરાંત શહેરી જીવનશૈલીમાં ભળવાનો પ્રયાસ કરતી વખતે તેમને ભાષાકીય અવરોધો અને પોતાની સાંસ્કૃતિક ઓળખ ગુમાવવાનો ભય જેવી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.આ ભારતમાં સ્થળાંતરિત આદિવાસી મજૂરોની આ ગંભીર પરિસ્થિતિ પર પ્રકાશ પાડે છે.

- ❖ **સ્થળાંતર (Migration) નો અર્થ:**

સ્થળાંતર એ એક જટિલ સામાજિક, આર્થિક, અને ભૌગોલિક ઘટના છે. જેમાં વ્યક્તિઓ અથવા લોકોના સમુદાયો એક ભૌગોલિક સ્થાન છોડીને કાયમી અથવા અસ્થાયી ધોરણે બીજા સ્થળે વસવાટ કરવા જાય છે. આ પ્રક્રિયા માત્ર ભૌતિક સ્થળાંતર નથી પરંતુ તેના મૂળમાં અનેક Push (દબાણ કરનારા) અને pull (આકર્ષિત કરનારા) પરિબળો કામ કરતા હોય છે.

- ❖ **સ્થળાંતરના પ્રકારો:**

સ્થળાંતરને તેના કદ સમયગાળો અને કારણોના આધારે વિવિધ પ્રકારે વર્ગીકૃત કરી શકાય છે.

- ★ આંતરિક સ્થળાંતર (Internal Migration): આ પ્રકારમાં લોકો દેશની સરહદોની અંદર જ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં, એક શહેરથી બીજા શહેરમાં, અથવા ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં જાય છે. ભારતમાં આદિવાસી મજૂરોનું સ્થળાંતર મોટે ભાગે આંતરિક સ્થળાંતરની શ્રેણીમાં આવે છે.

- ★ આંતરરાષ્ટ્રીય સ્થળાંતર (International Migration): આ પ્રકારમાં લોકો એક દેશ છોડીને બીજા દેશમાં જાય છે. આ સ્થળાંતર કાયમી નાગરિકતા મેળવવા, કામ કરવા, અભ્યાસ કરવા કે રાજકીય આશ્રય મેળવવા માટે હોઈ શકે છે.

- ગ્રામીણ-શહેરી સ્થળાંતર (Rural-Urban Migration): આ એક સામાન્ય પ્રકાર છે જ્યાં લોકો સારા રોજગાર, શિક્ષણ અને સુવિધાઓની શોધમાં ગ્રામીણ વિસ્તારો છોડીને શહેરો તરફ જાય છે.
- શહેરી-ગ્રામીણ સ્થળાંતર (Urban-Rural Migration): ઓછા પ્રમાણમાં જોવા મળતું હોવા છતાં કેટલાક લોકો શાંતિપૂર્ણ જીવન, ઓછો ખર્ચ કે કુદરતી વાતાવરણ માટે શહેરો છોડીને ગ્રામીણ વિસ્તારોમાં સ્થળાંતર કરે છે.
- અસ્થાયી/મોસમી સ્થળાંતર (Temporary/Seasonal Migration): આ સ્થળાંતર ચોક્કસ સમયગાળા માટે અથવા કોઈ ચોક્કસ ઋતુમાં થાય છે જેમ કે ખેડૂતોનું પાક લણણી માટે અથવા બાંધકામ મજૂરોનું પ્રોજેક્ટ પૂરતો સમય કામ કરવા જવું.
- કાયમી સ્થળાંતર (Permanent Migration): આમાં લોકો પોતાના મૂળ વસવાટ છોડીને નવા સ્થળે કાયમી ધોરણે સ્થાયી થવાના ઇરાદાથી જાય છે.

### ❖ સ્થાળાંતરિત આદિવાસી મજુરોની સ્થિતિ અને સમસ્યા:

ભારતમાં સ્થળાંતરિત મજૂરોની સ્થિતિ એક જટિલ અને ચિંતાજનક સામાજિક-આર્થિક મુદ્દો છે. લાખો લોકો ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના લોકો વધુ સારી આજીવિકા અને તકોની શોધમાં શહેરી અને ઔદ્યોગિક કેન્દ્રો તરફ સ્થળાંતર કરતા થયા છે. જેમાં સ્થળાંતરમાં તેમને અસંખ્ય પડકારો અને શોષણનો સામનો કરવો પડે છે. જે સ્થળાંતરિત આદિવાસી મજૂરોની વર્તમાન સ્થિતિની વિગતવાર ચર્ચા નીચે મુજબ છે.

#### 1. આર્થિક અસુરક્ષા અને શોષણ:

- અનિશ્ચિત રોજગાર: મોટાભાગના સ્થળાંતરિત મજૂરો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. જ્યાં નોકરીની કોઈ સુરક્ષા હોતી નથી. તેઓ દૈનિક વેતન પર કામ કરતા હોય છે. જેમાં કામની ઉપલબ્ધતા ઋતુગત અથવા પ્રોજેક્ટ-આધારિત હોય છે.
- વધુ કામ અને ઓછું વેતન: ઠેકેદારો અને મધ્યસ્થીઓ દ્વારા ઘણીવાર તેમને લઘુત્તમ વેતન કરતાં પણ ઓછું વેતન ચૂકવતા હોય છે. વેતનની ચોરી, અયોગ્ય કપાત અને સમયસર પગાર ન મળવો જેવી અનેક બાબતોનો ભોગ બનવો પાડે છે. તેમજ વધુ કામની સોપણી પણ કરવામાં આવે છે.

- બંધુઆ મજૂરીનું જોખમ: કેટલાક કિસ્સાઓમાં મજૂરોને દેવાના બોજ હેઠળ હોવાના કારણે બંધુઆ મજૂરી કરવા માટે મજબૂર થાય છે જ્યાં તેમને તેમની સ્વતંત્રતા ગુમાવી પડે છે.અને પોતાના માલિકના કહેવા પ્રમાણે કામ કરવું પડે છે.

- લાંબા કામના કલાકો: તેમને દૈનિક ધોરણ કરતા વધુ કલાકો કામ કરવું પડે છે. ઘણીવાર ઓવરટાઇમ કરતા જોવા મળે છે. છતાં તમને કામ સમાન વેતન આપવામાં આવતું નથી.

- સામાજિક સુરક્ષાનો અભાવ: તેમને કોઈ સામાજિક સુરક્ષા લાભો જેમ કે પ્રોવિડન્ટ ફંડ (PF), વીમો, પેન્શન કે ગ્રેચ્યુઇટી જેવા લાભથી વંચિત રાખવામાં આવે છે.

2. **ખરાબ રહેઠાણ:**

- ઝૂંપડપટ્ટીઓમાં નિવાસ: સ્થાળાંતરિત આદિવાસી મજુરોની મોટી સમસ્યા એ નિવાસની છે. તે મોટાભાગે શહેરના રસ્તાઓ, ઝૂંપડપટ્ટીઓ, કામચલાઉ જગ્યા પર નાનું-મોટું ઝુપડું બાંધીને રેહતા જોવા મળે છે. આ સ્થળોએ સ્વચ્છ પાણી, વીજળી, ગટર વ્યવસ્થા અને શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓનો પણ અભાવ જોવા મળે છે.

- અતિશય ભીડ/ગીચ વસ્તી : એક નાનકળા રૂમમાં એક કરતા વધારે લોકો ભેગા થઈને રહેતા જોવા મળે છે. વધારે લોકોમાં રોગોનો ફેલાવો પણ વધુ રહે છે. તેમજ ગોપનીયતાનો અભાવ જોવા મળે છે.

- સ્વચ્છતાનો અભાવ: ગંદા વાતાવરણ અને અપૂરતી સ્વચ્છતાને કારણે તેઓ વિવિધ રોગોનો ભોગ બને છે.

3. **આરોગ્ય અને સુરક્ષા સંબંધિત પડકારો:**

- જોખમી કાર્યસ્થળો: ઘણા મજૂરો ખાસ કરીને બાંધકામ ક્ષેત્રે જોડાયેલા છે. તેવી જગ્યા પર જોખમ વધારે રહેલું જોવા મળે છે. જેમકે ખાણકામ, ઈંટ ભઠ્ઠા અને રાસાયણિક ઉદ્યોગોમાં કામ કરતા લોકોને એવા જોખમભર્યા વાતાવરણમાં કામ કરવું પડે છે. જ્યાં સુરક્ષા સાધનો અને નિયમોનું પાલન પણ થતું નથી.

- વ્યવસાયિક રોગો: ધૂળ, રસાયણો અને શારીરિક શ્રમ સંબંધિત રોગો જેવા કે શ્વાસ સંબંધિત સમસ્યાઓ, ચામડીના રોગો અને હાડકાં-સ્નાયુ સંબંધિત બીમારીઓનો ભોગ બને છે.

- આરોગ્ય સેવાઓનો અભાવ: સરકારી આરોગ્ય કેન્દ્રોની જાણકારીનો અભાવ, ભાષા અવરોધો અને દસ્તાવેજોના અભાવે તેમને યોગ્ય તબીબી સારવાર મળતી નથી.

### 4. શિક્ષણ અને બાળ કલ્યાણ પર અસર:

- બાળકોના શિક્ષણમાં અવરોધ: સ્થળાંતરિત પરિવારોના લીધે બાળકોને વારંવાર શાળાઓ બદલવી પડે છે. આ લોકો જે જગ્યા પર સ્થાળાંતર કરે છે ત્યાં નજીકમાં સરકારી શાળાઓ પણ જોવા મળતી નથી. જેનાથી તેઓ શિક્ષણથી સંપૂર્ણપણે વંચિત રહી જાય છે. જેના કારણે અંતે તમને બાળ મજૂરી જેવા કામોમાં ધકેલી મુકે છે.

- બાળ મજૂરી: પારિવારિક આવકમાં મદદરૂપ થાય તે માટે બાળકો સાથે પણ કામ કરાવામાં આવે છે જેના પરિણામરૂપ બાળકનુ ભવિષ્ય ખાળે નાખે છે.

- શારીરિક અને જાતીય શોષણ: ખાસ કરીને સ્થળાંતરિત મહિલાઓ અને બાળકોને કાર્યસ્થળે જાતીય સતામણી કરવામાં આવે છે.

### 5. સામાજિક અને કાનૂની પડકારો:

- ઓળખ અને દસ્તાવેજોનો અભાવ: ઘણા મજૂરો પાસે પોતાનું યોગ્ય ઓળખપત્ર કે રહેઠાણના પુરાવા હોતા નથી. જેના કારણે તેમને અનેક સરકારી યોજનાઓનો લાભ મળતો નથી.

- મતદાનના અધિકારનો અભાવ: સ્થળાંતરને કારણે તેઓ તેમના મૂળ વતનમાં મતદાન કરી શકતા નથી. અને નવા સ્થળે તેમને મતદાર તરીકે નોંધણી કરાવવામાં મુશ્કેલીઓ ઉભી થાય છે. જેનાથી તેઓ રાજકીય રીતે હાંસિયામાં ધકેલાઈ જાય છે. એમાં કેટલીવાર એવું પણ બનતું હોય કે શિક્ષણના અભાવના લીધે તમને મતદાનનું મહત્વ ખબર જ હોતી નથી. માટે તે મત આપવા માટે જતા નથી.

- ભાષા અને સાંસ્કૃતિક અવરોધો: પોતાની સંસ્કૃતિ અને શહેરની સંસ્કુતિમાં ઘણો મોટો તફાવત રહેલો છે. જેના કારણે તેઓ સ્થાનિક સમાજના લોકોમાં ભળી શકતા નથી.તે લોકો સાથે પરસ્પર વ્યવહાર સાંધી શકતા નથી. માટે અંતે એ એકલતા અનુભવે છે.

- ભેદભાવ: તેમને ઘણીવાર સ્થાનિક લોકો દ્વારા ભેદભાવ અને દુર્વ્યવહારનો ભોગ પણ બનવું પાડે છે.

- કાનૂની સુરક્ષાનો અભાવ: શ્રમના કાયદાઓ અને તેમના અધિકારો વિશેની જાગૃકતાનો અભાવ હોવાને કારણે તેઓ શોષણ સામે અવાજ ઉઠાવી શકતા નથી.

**6. સામાજિક અને સાંસ્કૃતિક સમસ્યાઓ:**

- સાંસ્કૃતિક ઓળખનો લોપ: નવા વાતાવરણમાં અનુકૂલન સાધવાના પ્રયાસમાં, તેઓ તેમની મૂળ આદિવાસી સંસ્કૃતિ, ભાષા અને પરંપરાઓથી દૂર થઈ જાય છે. જેનાથી તેમને વિદેશીપણું અનુભવાય છે.
- સામાજિક બહિષ્કાર અને ભેદભાવ: સ્થાનિક વસ્તી દ્વારા તેમને નોકરીઓ માટે ખતરો અથવા સાંસ્કૃતિક મૂલ્યો માટે જોખમ તરીકે જોવામાં આવે છે. આનાથી સામાજિક બહિષ્કાર અને યજમાન સમુદાયોમાં ભળવામાં મુશ્કેલી પડે છે.
- ભાષા અવરોધો: જુદા જુદા પ્રદેશોમાં ભાષાના તફાવતો તેમને દૈનિક જીવનમાં અને આવશ્યક સેવાઓ મેળવવામાં અવરોધ ઉભા કરે છે.
- પરિવાર વિઘટન: સ્થળાંતરથી પરિવારો તૂટી શકે છે. ખાસ કરીને જ્યારે પુરુષો કામ માટે દૂર જાય છે અને મહિલાઓ અને બાળકો પાછળ રહી જાય છે.

**સંદર્ભ સૂચી:**

1. સામાજીક પરિવર્તન અને માળખું: એ.જી.શાહ, જે.કે.દવે, અનડા પ્રકાશન, અમદાવાદ
2. સમાજશાસ્ત્ર પરિચય : એ.જી.શાહ, અનડા પ્રકાશન, અમદાવાદ
3. ઝવેરી મહેંદ્ર કૃષ્ણલાલ, (૧૯૭૭) ‘સામાજિક પરિવર્તન’ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

Certificate No.:03052025026


**MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)**

**International Peer Reviewed and Refereed Journal**


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Barot Amisha Sanjaybhai,**

In recognition of the publication of the paper entitled

**સ્થળાંતરિત આદિવાસી મજુરો અને સમસ્યાઓ**

Published in Volume 03, Issue 05, June 2025.

**EDITOR IN CHIEF**